જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : સંજય મેહરા

વિ. સં. ૨૦૭૪ । રવિવાર । તા. ૧૪-૧૦-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૯ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)


પાલ ગામની બ્લોક નં. ૩૪૩વાળી પાલગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન કલેકટરસાહેબ સરકારશ્રીમાં ક્યારે કરશે ?

શરતભંગ થયેલ ટ્રસ્ટની જમીન સરકારશ્રી હસ્તક કરવામાં ચાલતી લાલિયાવાડી ?


સુરત : સુરત શહેરની મોજે પાલ ગામ બ્લોક નં. ૩૪૩વાળી જમીન પાલ ગ્રામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટના નામે ચાલતી હતી. જે તા. ૨૩-૫-૧૯૮૦માં શ્રી પાલ ગામ હિન્દુ સાર્વજનિક હિન્દુ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સંયુક્ત ચેરિટી કમિશનર કચેરી વડોદરા ખાતે વેચાણ અંગે અરજી કરી હતી. જેમાં ખરીદનાર તરીકે શ્રી પાલ નગર કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિમિટેડના પ્રમોટર તરીકે અરુણકુમાર ઘુડાલાલ શાહની માગણી આવેલ હતી. જે અંગે તા. ૨૬-૬-૧૯૮૦ની વિવાદીત અરજી સાથે ધારાસભ્ય શ્રીમતી ઉષાબેન બાબુભાઈ પટેલની અરજી પણ સંયુક્ત ચેરિટી કમિશનર કચેરી વડોદરા ખાતે અપાઇ હતી. અને તેમાં તેઓએ સદર જમીનનું વેચાણ નહીં કરવા અને તે જમીન હળપતિ, હરિજન અને ખેતમજૂરોને પ્લોટો પાડીને આપવા વિનંતી કરી હતી. આ પ્લોટની જમીન ખરીદવા માટે શ્રી પાલ નગર કો.ઓ.હા.સો. લિમિટેડના પ્રમોટર અરુણકુમાર શાહે ઇચ્છા દર્શાવી તે સમયે શ્રી પાલ નગર કો.ઓ.હા.સો. લિમિટેડ સોસાયટીની નોંધણી પણ થઇ ન હતી. જેના ખોટા પ્રમોટર બનીને અરુણકુમારે પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની માગણી કરી હતી. જે ખોટુ કરવાના સ્પષ્ટ સંકેતો દર્શાવે છે. ત્યારબાદ સંયુક્ત ચેરિટી કમિશનર કચેરી વડોદરા ખાતે ઘણા વિવાદો બાદ સદરહુ જમીનની મંજૂરી હુકમ સને ૧૯૫૦ના મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ કલમ ૩૬ પેટા કલમ (૩) તેમજ સને ૧૯૬૧ના મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટો બાબત (ગુજરાત)ના નિયમ ૨૪ પેટા નિયમ (૪) મુજબ આ હુકમ તા. ૨૪-૬-૧૯૮૧ના રોજ થયેલ હતો. જે સામે ગુજરાત મહેસૂલ પંચમાં અપીલ કરવા અંગેની જોગવાઇઓને આધીન ગણવાનો છે. જે સદર મંજૂરી હુકમ મળેલ પત્રમાં સ્પષ્ટ જણાવેલ હતું કે હુકમ મળ્યાના છ માસ સુધી અમલમાં રહેશે. હુકમ મળ્યાના ૨૦ વર્ષ સુધી જમીન અંગે કોઇ કાર્યવાહી થઇ નહોતી. તો ૨૦ વર્ષ પછી શ્રી પાલ નગર કો.ઓ.હા.સો. લિમિટેડના પ્રમોટર અરુણકુમાર શાહને જમીનની યાદ કેમ આવી ?

૨૦ વર્ષ વીત્યા બાદ જમીનની કિંમત ઘણો વધારો થયો હતો. અને પાલ ગામ મૂળ સુરત સિટીની હદમાં આવી ગયું હતું. જેથી શ્રી પાલનગર કો.ઓ. હા.સો.લિ.ના પ્રમોટરોની દાનત બગડી હોવાથી પાલ ગામ ટ્રસ્ટની જમીન પોતાના નામે કરાવવા માટે સૌ પ્રથમ શ્રી પાલનગર કો.ઓ. હા.સો. લિમિટેડનું મંડળીમાં તા. ૩૦-૫-૨૦૦૧ના રોજ રજીસ્ટ્રેશન નં. ઘ-૨૦૦૮૫ સને ૨૦૦૧થી નોંધાયેલ છે. જે રજીસ્ટ્રેશનમાં સ્પષ્ટ દર્શાવિલ છે કે બ્લોક નં. ૩૪૩ વાળી ટીપી સ્કીમ નં. ૧૪ ફાઇનલ પ્લોટ ૭૦ પૈકી ૯૮ રો હાઉસ બાંધકામની યોજના ભાડુઆત પધ્ધતિ હેઠળ નોંધવામાં આવે છે. તેવું જણાય છે. જે રજીસ્ટ્રેશનના આધારે સંયુક્ત ચેરિટી કમિશનર વડોદરાના ૧૯૮૧માં થયેલા હુકમના આધારે સુરત પ્રાંત અધિકારી કલેક્ટરશ્રીના ત્યાં ૨૪-૧૦-૨૦૦૩ના હુકમથી પરવાનગી મેળવી હતી. જેમાં પણ સ્પષ્ટ જણાવેલ હતું કે હુકમ કર્યાના એક માસમાં જમીનનો દસ્તાવેજ કરી દેવો. તેમ છતાં ૨૪-૧૦-૨૦૦૩ થી ૨૩-૧૧-૨૦૦૩ સુધીમાં એક પણ દસ્તાવેજ કરેલ ન હતો. જેમાં થયેલ એક દસ્તાવેજ હુકમ મળ્યા પહેલા અને બીજા દસ્તાવેજ હુકમમાં જણાવેલ મુદત વીતીય ગયા બાદ બનાવેલ છે. જે કાયદાનો ભંગ થયેલ સ્પષ્ટ જણાઇ રહ્યું છે. સરકારશ્રીના થયેલા હુકમ મુજબ શરત ભંગ થશે તો જમીન સરકારશ્રીમાં આપોઆપ દાખલ થયેલ ગણાશે તેવું સ્પષ્ટ હુકમમાં જણાવેલ હોવા છતાં આજે તે જમીન ઉપર મોટા મોટા પ્રોજેક્ટો ઉભા કરી દેવામાં આવ્યા છે. તો કલેક્ટર શ્રી આ જમીન સરકારશ્રીમાં દાખલ કરવા માટે કોઇ કાર્યવાહી કરશે ખરા ?


અત્યાર સુધી અગાઉના કલેક્ટરોએ આ બાબતે કોઇ ધ્યાન ધરેલ નથી અને જાણવા મળ્યા મુજબ ગેરકાયદે જમીન- કે પ્રોજેક્ટ અંગે આવેલી અરજીઓ વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરી નથી.



શ્રી પાલનગર કો.ઓ. હા. સો લિ. જેની નોંધણી તા. ૩૦-૫-૨૦૦૧ના રોજ થઇ છે તે નોંધણીનું પ્રમાણપત્ર



શ્રી પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટ બાબતે વડોદરા ચેરિટી કમિશનર દ્વારા ૧૯૮૧માં થયેલા હુકમની નકલ



શ્રી પાલ ગામ હિન્દુ સાર્વજનિક ટ્રસ્ટની જમીન હરિજન, હળપતિ અને ખેતમજૂરોને ઘરથાળ માટે આપવા તત્કાલીન ધારાસભ્ય ઉષાબેન પટેલ દ્વારા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરાઇ હતી તેની નકલ

જંગ એ ગુજરાતના અહેવાલ બાદ એસ ટી વિભાગ જાગ્યું

રાજપીપળા : રાજપીપળા થી નાસિક જતી આવતી એક્સપ્રેસ બસ છેલ્લા ઘણા સમય થી છાશવારે બગડતી હોય એના નિયત સમય કરતા કલાકો મોડી પડતા મુસાફરો અને એસ ટી ના ડ્રાઈવર કન્ડક્ટરો પણ હેરાન થતા હોય જંગે ગુજરાત એ થોડા દિવસ પેહલા એક અહેવાલ પ્રસિદ્ધ કરતા એસ ટી નિગમ ના અધિકારીઓ ન ઊંઘ ઉડી હતી ત્યારબાદ જરૂરી પ્રક્રિયા પુરી કર્યા બાદ એક નવી બસ નાસિક માટે અપાઈ હતી પરંતુ કંપની માંથી આવેલી એ બસ



માં પણ કોઈ નાનકડી તકલીફ જણાતા એને કંપની માં મોકલી ત્યારે એ બરાબર યોગ્ય થયા બાદ આજે રાજપીપળા ડેપો ને મળતા આજથી રાજપીપળા નાસિક રૂટ ઉપર નવી બસ શરૂ થઈ જેનું ડ્રાઈવર અને કંડક્ટરે વિધિવત પૂજન કરી સવારે નાસી ની સવારી ઉપાડી આમ જંગ એ ગુજરાત ના અહેવાલ બાદ નાસિક રૂટ ઉપર આખરે નવી નક્કોર બસ નિયમિત દોડતી થઈ છે જેના કારણે સ્ટાફ અને મુસાફરો માં આનંદ જોવા મળ્યો છે.

કમલ હસન લોકસભા ચૂંટણીમાં સશર્ત કોંગ્રેસ સાથે જોડાણ કરવા તૈયાર

ચેન્નાઈ

અભિનેતામાંથી નેતા બનેલા કમલ હસને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સંદર્ભે મોટું નિવેદન આપ્યું છે. કમલ હસને એક તમિલ ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં આગામી લોકસભા ચૂંટણીમાં સશર્ત કોંગ્રેસ સાથે જોડાણ કરવાની તૈયારી દર્શાવી છે. ફેબ્રુઆરીમાં મક્કલ નિધિ મૈયમ પાર્ટીની સ્થાપના કરનારા કમલ હસને કહ્યું છે કે ૨૦૧૯માં તેમની પાર્ટી કોંગ્રેસ સાથે ગઠબંધન કરવા માટે તૈયાર છે. પરંતુ તેના માટે પહેલા કોંગ્રેસે ડીએમકે સાથેનું જોડાણ તોડવું પડશે. કમલ હસને ઈન્ટરવ્યૂમાં તમિલનાડુ ખાતે ડીએમકે અને કોંગ્રેસનું ગઠબંધન તૂટવાની સંભાવના વ્યક્ત કરી હતી.

સંયુક્ત માનવાધિકાર પરિષદમાં ભારતની ૧૮૮ મત સાથે ઐતિહાસિક જીત

સંયુક્ત રાષ્ટ્રની ટોચની માનવાધિકાર સંસ્થામાં ભારત ત્રણ વર્ષ માટે સદસ્ય તરીકે ચૂંટાયું

ભારતનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી,૨૦૧૯થી શરુ થશે, ૧૯૩ દેશોના સભ્યપદવાળી મહાસભાએ રાષ્ટ્રમાનવાધિકાર પરિષદના નવા સદસ્યોની ચૂંટણી કરી હતી



યુએન

સંયુક્ત રાષ્ટ્રની ટોચની માનવાધિકાર સંસ્થામાં ભારત ત્રણ વર્ષ માટે સદસ્ય તરીકે ચૂંટાયું છે. ભારતને એશિયા-પેસિફિક શ્રેણીમાં સૌથી વધુ ૧૮૮ વોટ પ્રાપ્ત થયા છે. ભારતનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી, ૨૦૧૯થી શરૂ થશે. સંયુક્ત રાષ્ટ્રની ૧૯૩ દેશોના સભ્યપદવાળી મહાસભાએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નવા સદસ્યોની ચૂંટણી કરી હતી. યુએનની મહાસભાના સદસ્ય દેશોએ ગુપ્ત મતદાન દ્વારા કુલ ૧૮ નવા સદસ્યોની ચૂંટણી કરી છે. યુએનએચઆરસીના સદસ્યોએ ગુપ્ત મતદાનમાં ભારતને સૌથી વધુ વોટ આપીને યુએનએચઆરસીના સદસ્ય તરીકે પસંદ કર્યું છે.

મહત્વપૂર્ણ છે કે યુએનએચઆરસીમાં ચૂંટાવા માટે કોઈપણ દેશને ઓછામાં ઓછા ૯૭ સદસ્ય દેશોના વોટની જરૂર હોય છે. યુએનએચઆરસીમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની કુલ પાંચ બેઠકો છે. જેમાં ભારત સિવાય બહરીન, બાંગ્લાદેશ, ફિજી અને ફિલિપિન્સે પોતાનું નામાંકન ભર્યું હતું. પાંચ બેઠકો માટે પાંચ દાવેદાર હોવાથી તમામ ઉમેદવાર દેશોનું બિનહરીફ ચૂંટાવું લગભગ નિશ્ચિત હતું. પહેલા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના યુએન ખાતેના કાયમી પ્રતિનિધિ સૈયદ અકબરુદ્દીને ટ્વિટ કરીને યુએનએચઆરસીની ચૂંટણી જણાવ્યુ હતુ કે બહરીન, બાંગ્લાદેશ, ફિજી, ભારત અને ફિલિપિન્સે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં એશિયા-પેસિફિક ક્ષેત્રની પાંચ બેઠકો માટે દાવેદારી કરી છે.

યુએનએચઆરસીના નવા સદસ્ય દેશોનો કાર્યકાળ પહેલી જાન્યુઆરી-૨૦૧૯થી શરૂ થશે અને તેઓ ત્રણ વર્ષ સુધી તેમા કામ કરશે. આ પહેલા ૨૦૧૧થી ૨૦૧૪ અને ૨૦૧૪થી ૨૦૧૭ એમ બે વખત ભારત યુએનએચઆરસીના સદસ્ય તરીકે કામગીરી કરી ચુક્યું છે. ભારતનો આખરી કાર્યકાળ ૩૧ ડિસેમ્બર-૨૦૧૭ના રોજ સમાપ્ત થયો હતો. નિયમાનુસાર ભારત તાત્કાલિક માનવાધિકાર પરિષદના સદસ્ય તરીકે ચૂંટાવાને પાત્ર ન હતું. કારણ કે ભારત પહેલા પણ બે વખત યુએનએચઆરસીનું સદસ્ય રહી ચુક્યું છે. સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ માનવાધિકાર પરિષદમાં ભારતની મોટી જીત થઈ છે. ભારત સૌથી વધુ મતો સાથે સભ્ય બન્યો. આ સાથે ભારત માનવાધિકાર સંસ્થામાં ત્રણ વર્ષ માટે સભ્ય ચુંટાયો છે. ભારતને એશિયા-પ્રશાંત શ્રેણીમાં સૌથી વધારે ૧૮૮ વોટ મળ્યા. ભારતનો કાર્યકાશ પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી શરૂ થશે. સંયુક્ત રાષ્ટ્રની ૧૯૩ સભ્યની મહાસભાએ સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના નવા સભ્યો માટે ચૂંટણી કરી હતી.

ગુપ્ત મતદાન દ્વારા કુલ ૧૮ નવા સભ્ય પસંદ કરાયા. પરિષદના સભ્યોએ ગુપ્ત મતદાન કર્યું અને ભારતને સૌથી વધારે વોટ આપીને પરિષદના સભ્ય ચુંટ્યા. પરિષદમાં ચુંટવા માટે કોઈ પણ દેશને ઓછામાં ઓછા ૯૭ વોટની જરૂર હોય છે. એશિયા-પ્રશાંત ક્ષેત્રમા માનવાધિકાર પરિષદમાં પાંચ સીટ છે. જેના માટે ભારત ઉપરાંત બહરીન, બાંગ્લાદેશ, ફિજી અને ફિલીપીને પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પાંચ બેઠકો માટે પાંચ દાવેદારો હોવાથી તમામ નિર્વિરોધ ચુંટાયા હતા.

પુલવામામાં સેના-આતંકીઓ વચ્ચે અથડામણ : હિઝબુલનો કમાન્ડર જહૂર ઠોકર ઠાર

પુલવામા

જમ્મૂ-કાશ્મીરના પુલવામામાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. સેનાએ અથડામણમાં એક આતંકીને ઠાર કર્યો છે. સેનાએ જે આતંકીને ઠાર કર્યો તે હિજબુલનો કમાન્ડર જહૂર ઠોકર છે. તે ૨૦૧૬માં ટેરીટોરિય આર્મીમાંથી ભાગીને આતંકી બન્યો હતો.

જહૂર ઠોકર ૧૭૩ ટેરીટોરિય આર્મીનો સભ્ય હતો અને ૨૦૧૬માં સર્વિસ રાયફલ સાથે ફરાર થયો હતો. આતંકવાદીઓ અને સેના વચ્ચે શુક્રવાર રાતથી અથડામણ શરૂ થઈ હતી. સીઆરપીએફ અને જમ્મૂ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

એક મળતાં અહેવાલ મુજબ સેનાએ જહૂર ઠોકરને ઠાર કર્યો છે. જો કે અન્ય ત્રણ આતંકીઓ છૂપાયા હોવાની આશંકાના પગલે આ વિસ્તારને સેના દ્વારા ઘેરી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આજરોજ જમ્મૂ-કાશ્મીરમાં પંચાયતની ચૂંટણીને લઈને મતદાન યોજાઈ રહ્યું છે. આજે ત્રીજા ચરણનું મતદાન યોજાઈ રહ્યું છે.

જમ્મૂ-કશ્મીરમાં સેનાને મોટી સફળતા મળી છે. પુલવામામાં સેના અને આતંકીઓ વચ્ચે ચાલી રહેલી અથડામણમાં સુરક્ષાબળે હિઝબુલના એક કમાંડરને ઠાર માર્યો છે. સેનાએ જમ્મૂ-કશ્મીરના ટોપ ટેન આતંકીઓમાં સામેલ આતંકી જહૂર ઠોકરને ઠાર માર્યો છે.

ઉલ્લેખનીય છે કે, આતંકી જહૂર ઠોકર ટેરીટોરિયલ આર્મીથી ભાગીને આતંકી બન્યો હતો. તો પુલવામાં સુરક્ષાબળ દ્વારા આતંકીઓ વિરૂદ્ધ ઓપરેશન યથાવત છે. કારણકે વધુ આતંકીઓ છૂપાયા હોવાની આશંકા છે. જેથી સેનાએ આતંકીઓને ઠાર મારવા કાર્યવાહી હાથ ધરી છે.

દેશભરમાં એક સમાન સ્ટેમ્પ ડ્યૂટી દર રાખવા મોદી સરકારની વિચારણા

ન્યુ દિલ્હી

હવે દેશભરમાં એક સમાન સ્ટેમ્પ ડ્યુટી રેટ રાખવાની દિશામાં કેન્દ્ર સરકાર આગળ વધી છે. ફાયનાન્શીયલ ઈન્સ્ટ્રુમેન્ટ જેમ કે ડિબેન્ચરો અને સ્ટોકના ટ્રાન્સફર માટે પણ એક સમાન દર રાખવામાં આવશે. આ સુધારાથી ઈઝ ઓફ ડુંઈંગ બિઝનેસની વડાપ્રધાનની લાઈન સરળ બની જશે.

ગયા વર્ષે ભારતે જીએસટીનું મિકેનિઝમ અપનાવ્યું અને તેમાં અનેક રાજ્ય અને કેન્દ્રની લેવીઓ સમાઈ ગઈ છે અને હવે દેશભરમાં એક સમાન સ્ટેમ્પ ડ્યુટીના દર રાખવાની દિશા સરકારે પકડી છે. કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીએ એવી માહિતી આપી છે કે તમામ રાજ્ય સરકારો સિંગલ રેટ માટે સહમત થઈ ગઈ છે.

કેન્દ્ર સરકાર હવે નક્કર પગલાં ભરવા જઈ રહી છે અને આગામી સંસદના શિયાળું સત્રમાં આ અંગેનો સુધારા ખરડો રજૂ કરી દેવામાં આવશે અને આ ખરડો પસાર થઈ ગયા બાદ કોર્પોરેટ બોન્ડ માર્કેટ ગતિમાં આવી જશે અને અનેક સારા સુધારાથી બિઝનેસને બળ મળશે.

એક સદી જૂના સ્ટેમ્પ ડ્યુટી દરના માળખામાં ફેરફાર હવે જરૂરી બન્યા છે અને રાજ્ય સરકારો પણ તેમાં સહમત થઈ ગઈ છે. સુધારા કરતાં પહેલાં રાજ્ય સરકારો સાથે ચર્ચા-મંત્રણા કરવામાં આવી હતી અને આ સુધારાઓને તમામ રાજ્યોએ સહમતિ પણ આપી દીધી છે. સાથોસાથ રાજ્ય સરકારોની રેવન્યુની રક્ષા કરવાની પણ સરકારે ખાતરી આપી છે.

શેર ટ્રાન્સફર, ડિબેન્ચર ટ્રાન્સફર તેમજ વિમા પોલિસીઓ, ચેક, પ્રોમીસરી નોટ, લેટર ઓફ ક્રેડિટ આ બધા પર સ્ટેમ્પ ડ્યુટીના દર નક્કી કરવાની સત્તા સંસદ પાસે છે. આ પહેલાં સેબીએ પણ તમામ રાજ્યોને એમ કહ્યું હતું કે નાણાકીય વ્યવહારો માટેની સ્ટેમ્પ ડ્યુટીનું સરળીકરણ કરવું જરૂરી છે પરંતુ ત્યારે રાજ્ય સરકારોનો ખાસ પ્રતિભાવ નહોતો અને હવે કેન્દ્ર સરકાર આ દિશામાં ઝડપથી આગળ વધી છે અને હવે દેશભરમાં સ્ટેમ્પ ડ્યુટીનો સમાન દર રાખવામાં આવશે. સંસદના શિયાળું સત્રમાં આ ખરડો પસાર થઈ ગયા બાદ તે અમલી બની જવાની ધારણા છે.

ભગવાન વિષ્ણુનો ૧૧મો અવતાર છે વડાપ્રધાન મોદી

નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીમાં એક એવો નેતા છે, જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં ભગવાન વિષ્ણુનો ૧૧મો અવતાર નજરે પડે છે. મહારાષ્ટ્ર ભાજપના પ્રવક્તા અવધૂત વાઘે વડાપ્રધાન મોદીને ભગવાન વિષ્ણુનો ૧૧મો અવતાર ગણાવ્યા. વિપક્ષે ભાજપ પ્રવક્તા અવધૂત વાઘેના આ નિવેદનની ટીકા કરી છે તેમજ કોંગ્રેસે આ સરખામણીને ભગવાન વિષ્ણુનુ અપમાન ગણાવ્યુ છે. પ્રદેશ ભાજપ પ્રવક્તા અવધૂત વાઘે કહ્યુ હતું કે, સમ્માનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભગવાન વિષ્ણુનો અગીયારમો અવતાર છે. એક મરાઠી ચેનલ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતું કે, દેશનુ સૌભાગ્ય છે કે આપણને મોદીમાં ભગવાન જેવા નેતા મળ્યા છે. અવધૂત વાઘનુ આ નિવેદન સામે આવ્યા બાદ વિપક્ષ કોંગ્રેસે આકરા પ્રહાર કર્યા હતા. પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા અતુલ લોંધેએ જણાવ્યુ હતું કે આ દેવતાઓનુ અપમાન છે. તેમણે જણાવ્યુ કે, આ જે અવધૂત વાઘે કહ્યુ કે તેમને રાજનીતિમાં પહેલા જેવો રુવાબ જોઈએ છે તે માટેનો આ પ્રયાસ છે. મને નથી લાગતુ કે તેમના આ નિવેદનને વધારે મહત્વ આપવાની જરુર છે. આ નિવેદન માત્ર ભાજપની સત્તાની લાલસા અને સંસ્કૃતિનુ નીચુ સ્તર દર્શાવે છે.

મેલમાં ધમકી, મોદીને ૨૦૧૯માં રેલી દરમિયાન મારી નાખવામાં આવશે

વડાપ્રધાન મોદીને મારી નાંખવાની ધમકીવાળો ઈ-મેલ દિલ્હી કમિશ્નરને મળ્યો

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપતો એક ઈ-મેલ આવ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ ઈ-મેલ દિલ્હી પોલીસ કમિશ્નરને મળ્યો છે. ઈ-મેલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ ઘટનાના પરીણામે પોલીસ અને સુરક્ષા એજંસીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ મેલ ઉત્તર ભારતમાંથી કોઈ જગ્યાએથી કરવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી છે.

ભીમા કોરેગાંવ હિંસા મામલામાં પાંચ સંદિગ્ધોની ધરપકડ બાદ નક્સલીઓ તરફથી પીએમ મોદીની હત્યાનું કાવતરું રચવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો. આ ખુલાસો નક્સલીઓના સંપર્કમાં રહેવાના આરોપમાં દિલ્હીથી ધરપકડ કરાયેલા રોના જૈકબ વિલ્સનની પાસે મળેલી ચિઠ્ઠીથી થયો હતો. આ પહેલા મોદી ૨૦૧૪માં જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે તેમની સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન કરી દેવામાં આવી હતી. ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ પોલીસના લખનઉ કન્ટ્રોલ રૂમથી નવી દિલ્હી જિલ્લાના ત્રણ પોલીસ સ્ટેશન તુગલક રોડ, ચાણક્યપુરી અને સાઉથ એવન્યૂમાં ફરિયાદ લખાવવામાં આવી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે એક વ્યક્તિએ ફોન કરીને કહ્યું કે વડાપ્રધાનના જીવને ખતરો છે અને તે વડાપ્રધાનને મારી નાખશે. એટલું જ નહીં વડાપ્રધાન આવાસમાં આગ લગાડી દેશે.

ત્રાસવાદી મન્નાન વાની માટે નારા લગાવાયા હતા

એએમયુ વિદ્યાર્થીઓ સામે દેશદ્રોહનો કેસ દાખલ થયો

અલીગઢ

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ઉત્તરપ્રદેશ પોલીસે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના બે રિસર્ચ સ્કોલર અને કેટલાક વણઓળખાયેલા કાશ્મીરી વિદ્યાર્થીઓની સામે દેશદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. હકીકતમાં ગઈકો શુક્રવારના દિવસે સોશિયલ મિડિયા પર વિદ્યાર્થીઓનો એક વિડિયો વાયરલ થયો હતો. જેમાં સ્વતંત્રતા માટેના નારા લગાવવામાં આવી રહ્યા હતા. એમ કહેવામાં આવે છે આનારા કાશ્મીરમાં સુરક્ષા દળો સાથેની ભીષણ અથડામણમાં ઠાર થયેલા હિજબુલ લીડર મન્નાન વાની માટે લગાવવામાં આવ્યા હતા. મન્નાન એએમયુમાં રિસર્ચ સ્કોલર તરીકે હતો. તે અધવચ્ચે અભ્યાસ છોડીને ત્રાસવાદી બની ગયો હતો. ૧૩ સેકન્ડના આ વિડિયોનુ શુટિંગ યુનિવર્સિટી કેમ્પસમાં કરવામાં આવ્યુ હોવાના હેવાલને પણ સમર્થન મળી ચુક્યુ છે. આ વિડિયોમાં મન્નાનના સમર્થનમાં કેટલાક વિદ્યાર્થીઓ સ્વતંત્રતાના નારા લગાવતા નજરે પડે છે. આ વર્ષની શરૂઆતમાં તે ત્રાસવાદી સંગઠન હિજબુલમાં જોડાયો હતો. એસએસપી અજય કુમાર સાહનીએ કહ્યુ છે કે મેડિકલ ચોકી ઈન્ચાર્જ ઈસરાર દ્વારા એએમયુમાંથી બાયોકેમિસ્ટ્રીમાંથી પીએચડી કરી રહેલા વસીમ અયુબ મલિક અને ઈતિહાસના વિદ્યાર્થી અબ્દુલ હસીદ મીર ઉપરાંત અન્યોની સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. બીજી બાજુ કેટલાક વિદ્યાર્થીઓની ગતિવિધી પર નજર રાખવામાં આવી રહી છે.

કાશ્મીરમાં આતંકવાદીઓએ કરી વધુ એક પોલીસ કર્મીની હત્યા

શ્રીનગરઃ જમ્મુ કાશ્મીરના પોલીસ કર્મીઓ છેલ્લા કેટલાક વખતથી આતંકવાદીઓના નિશાના પર છે.કાશ્મીરમાં આતંકવાદીઓએ વધુ એક પોલીસ કર્મીની તેના ઘરમાં ઘૂસીને હત્યા કરી નાંખી છે. બારામૂલા જિલ્લામાં રહેતા જાવેદ અહેમદના ઘરમાં શુક્રવારે આતકંવાદીઓ ઘૂસ્યા હતા અને તેના પર અંધાધૂધ ગોળીબાર કર્યો હતો.જાવેદનુ સ્થળ પર જ મોત થયુ હતુ. જમ્મુ કાશ્મીરમાં નગરપાલિકાઓની ચૂંટણીનુ આજે ત્રીજા તબક્કાનુ મતદાન ચાલી રહ્યુ છે ત્યારે જ આતંકવાદીઓએ હુમલો કરીને દહેશતનો માહોલ સર્જ્યો છે. જાવેદ અહેમદની ભરતી કાશ્મીર પોલીસમાં સ્પેશ્યલ પોલીસ ઓફિસર તરીકે કરાઈ હતી.

પાકિસ્તાને આઈએમએફ પાસે આઠ અબજ ડોલરની લોન માંગી

આઈએમએફ પાકિસ્તાનને લોન આપતા પહેલા ઈસ્લામાબાદની મુલાકાત લેશે

વૉશિંગ્ટન

પાકિસ્તાને IMF (ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ) પાસેથી ૮ અબજ ડોલરના લોન પેકેજની માગ કરી છે. પાકિસ્તાન તરફથી અત્યાર સુધીનું આ સૌથી મોટું લોન પેકેજ માગવામાં આવ્યું છે.

આ દરમિયાન IMF ના વડા ક્રિસ્ટીન લેગાર્ડ આજે ઈન્ડોનેશિયામાં પાકિસ્તાનના નાણા પ્રધાનને મળ્યા હતાં. આ મુલાકાત પછી IMFના વડાએ જણાવ્યું હતું કે લોન આપતા પહેલા IMFની ટીમ ઈસ્લામાબાદની મુલાકાત લેશે. પાકિસ્તાને ગંભીર આર્થિક કટોકટીમાંથી બહાર આવવા માટે આ લોન પેકેજની માગ કરી છે. જો કે આ લોન આપવા માટે IMF કડક શરતો મૂકી શકે છે. આ શરતોનું પાલન કરવા માટે પાકિસ્તાન લોનની રકમ વધારી ૧૨ અબજ ડોલરની માગ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નવાઝ શરીફનો પક્ષ પીએમલ-એન સત્તામાં હતો ત્યારથી જ IMF પાસેથી લોન મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી.

જો કે આ અંગેનાી સત્તાવાર જાહેરાત સોમવાર રાતે કરવામાં આવી હતી. નાણા પ્રધાન અસદ ઉમરે જણાવ્યું હતું કે દેશને આર્થિક કટોકટીમાંથી ઉગારવા માટે પાકિસ્તાન સરકારે IMF પાસે લોન માગવાનો નિર્ણય લીધો છે.

ઉલ્લેખનીય છે કે અસદ ઉમરની જાહેરાત અગાઉ જ પાકિસ્તાનના શેરબજારમાં ૧૩૦૦ પોઈન્ટનો મોટો ઘટાડો થવાને કારણે ૨૭૦ અબજ રૂપિયાનું મૂડીનું ધોવાણ થયું હતું.

પાકિસ્તાનની આ માગના સંદર્ભમાં IMFએ જણાવ્યું હતું કે અમે પાકિસ્તાનની માગણી અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરીશું. આ અગાઉ પાકિસ્તાને IMF પાસેથી ૧૨ વખત લોન લીધી છે.

હવામાન વિભાગની ઓફિસ બંધ કરવાની ચિમકી અપાઈ

પૂણે

બીડ સ્થિત શેતકારી સંઘર્ષ સમિતિએ ચાલુ વર્ષે હવામાનની ભવિષ્યવાણી ખોટી જાહેર થતા અહીં હવામાન વિભાગની ઓફિસને બંધ કરવાની ધમકી આપવામાં આવી છે. આઈએમડીને લખવામાં આવેલ એક પત્રમાં શેતકારી સંઘર્ષ સમિતિએ આરોપ લગાવ્યો કે બીજ અને કીટનાશક દવા બનાવતી કંપનીઓ સાથે હવામાન વિભાગની મિલીભગતના કારણે હવામાનના પૂર્વાનુમાનની જાણકારી આપવામાં આવી. સમૂહે પોતાના પત્રમાં લખ્યુ કે મોનસુનના ખોટા આંકલનના કારણે ખેડૂતોને લાખો રુપિયાનુ નુકશાન થયુ છે અને આઈએમડીએ હવે આની ચુકવણી કરવી પડશે. આઈએમડીના અધિકારીઓએ પૂણે પોલીસ કમિશનર કાર્યાલય અને શિવાજીનગર પોલીસ સ્ટેશનને પત્ર અને મળેલ ધમકી અંગે જાણ કરી. સાથેજ આની એક કોપી પૂણે અને બીડના જિલ્લા અધિકારીઓને પણ મોકલવામાં આવી છે. પૂણે પોલીસનું કહેવુ છે કે ધમકીને જોતા આઈએમડી કાર્યાલય પર નજર રાખવામાં આવીરહી છે અને તેને સુરક્ષા આપવામાં આવશે. પત્રમાં કહેવામાં આવ્યુ છે કે, ગત વર્ષે ૧૪ જુલાઈએ હવામાન વિભાગ સામે એક પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી હતી, કારણકે ખોટી હવામાનની આગાહીના કારણે ખેડૂતોને ૨.૫ લાખ કરોડ રુપિયાની નાણાંકીય સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ચાલુ વર્ષે હવામાનનુ પુર્વાનુમાન ફરી ખોટુ સાબિત થયુ છે. જેથી ખેડૂતોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. ત્યારે ખેડૂતો ૧૫ ઓક્ટોબરે હવામાન વિભાગની ઓફિસ બંધ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

છ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયા

બિહારમાં રેલ્વે સ્ટેશન પર ટ્રેનની અડફેટે પાંચ યાત્રીઓના મોત

ભભુઆ

બિહારના ભભુઆ રેલવે સ્ટેશન પર ટ્રેનની અડફેટે પાંચ યાત્રીઓના મોત થયા. તો અન્ય ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. વારાણસી-રાંચી ઈન્ટરસિટી એક્સપ્રેસ ભભુઆ રેલવે સ્ટેશન પર પહોંચી હતી.

પરંતુ દુર્ગાપૂજા હોવાના કારણે રેલવે સ્ટેશન પર ભારે ભીડ હતી. જેના પગલે યાત્રીઓ ટ્રેનની બીજી તરફથી ઉતરી રહ્યા હતા. આ દરમિયાન બાજુના ટ્રેક પર હાવડાથી લાલકુઆ જનારી લાલકુઆ એક્સપ્રેસ આવી રહી હતી.

જેની લપેટમાં યાત્રીઓ આવી જતા પાંચ લોકોનાં મોત થયા છે. આ ટ્રેનનું સ્ટોપેજ ભભુઆ રેલવે સ્ટેશન પર છે નહીં. મૃતકોમાં ચાર મહિલાઓ અને એક પુરૂષનો સમાવેશ છે. મૃતદેહોને પણ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ ઘટના અંગેની જાણકારી મળતા જ મોહનિયા DSP સહિતા અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને આ મામલાની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

ટ્રેનની ઝપટથી મરનારમાં ૪ સ્ત્રી અને એક પુરુષ હોવાનું ખુલવા પામ્યું છે. જેમાં એક વ્યક્તિ ભોજપુર જિલ્લાના પિયારો ગામની રહેવાસી છે તો અન્ય મૃતકોની ઓળખ હજી સુધી થઇ શકી નથી.

મી-ટુ અભિયાન, કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રીની મુશ્કેલીઓ વધશે

એમ જે અકબર વિરુદ્ધ લાગેલા આરોપોની તપાસ થવી જોઈએ : અમિત શાહ

ન્યુ દિલ્હી

MeToo અભિયાન બાદ વિવાદોમાં ફસાયેલા કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી એમ જે અકબરની મુશ્કેલીઓ વધી રહી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સૌપ્રથમવાર મૌન તોડ્યું હતું. શાહે કહ્યું છે કે, એમ જે અકબર વિરૂદ્ધ લગાવવામાં આવેલા શારીરિક શોષણના આરોપોની તપાસ થશે. સાથે જ શાહે એ પણ કહ્યું છે કે, એ પણ જોવાનું રહેશે કે, મંત્રી વિરૂદ્ધ લગાવવામાં આવેલા આરોપોમાં કેટલુ સત્ય છે.

અમિત શાહે કહ્યું છે કે, એ જોવું પડશે કે સાચું છે કે ખોટું. એ વ્યક્તિની પોસ્ટની હકીકત તપાસવામાં આવશે, જેને આવા આરોપો લગાવ્યા છે. આવી જ રીતે મારા નામનો ઉપયોગ કરીને પણ લખવામાં આવી શકે છે. અકબર વિરૂદ્ધ તપાસ મામલે તેમણે કહ્યું હતું કે, જરૂર વિચારીશું.

ભાજપ અધ્યક્ષના આ નિવેદનને એટલે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે કે, મીટૂ અભિયાન બાદ વિવાદોમાં ઘેરાયેલા એમ જે અકબર પર ભાજપ હાઈકમાંડ તરફથી આ પહેલી પ્રતિક્રિયા છે. એમજે અકબર પર આરોપ છે કે, અનેક મીડિયા સંસ્થાનોમાં એડિટર તરીકે કામ કરત તેમણે અનેક મહિલા પત્રકારો સાથે વાંધાજનક વ્યવહાર કર્યો હતો. શાહના આ નિવેદનથી એ પણ સંકેત મળી રહ્યાં છે કે, પાર્ટી આ વિવાદોને લઈને ગંભીર છે.

શાહે કહ્યું હતું કે, કોઈ પણ અસત્યાપિત આરોપો આરોપો લાગવવા માટેનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ હોઈ શકે છે. જોકે એનાથી એ પણ સાબીત થાય છે કે, અકબર પર લગાવવામાં આવેલા આરોપો બાદ નકારાત્મક સંદેશ જાય છે અને પાર્ટી પણ તેને લઈને ગંભીર છે. પાર્ટીને અસહજ સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

આઈએએસ એકેડેમીના સ્થાપક શંકર દેવરાજને ફાંસી લગાવી આપઘાત કર્યો

ચેન્નાઈ

જિંદગી સંપૂર્ણ અનિશ્ચિત છે. શંકર આઈ.એ.એસ. એકેડમીના સ્થાપક અને સીઈઓ પ્રોફેસર શંકર દેવરાજને ૪૫ વર્ષની ઉમરે ફાંસી લગાવીને આપઘાત કરી લીધો છે. ચેન્નાઈના માઈલપુર સ્થિત ઘરમાંથી મૃતદેહ મળી આવ્યો.

પ્રોફેસર શંકર દેવરાજન તમિલનાડુમાં 'શંકર આઈએએસ એકેડમી' માટે મશહૂર હતા, જેની સ્થાપના ૨૦૦૪માં ચેન્નાઈમાં થઈ હતી. ત્યારથી આજ સુધી એમની એકેડમીમાં તૈયારી કરીને ૯૦૦ યુવાનો આઈ.એ.એસ, આઈપીએસ કે રાજ્ય સરકારની ક્લાસ-૧-૨ અધિકારી બનવામાં સફળ રહ્યાં છે.

સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર એમણે વ્યક્તિગત કારણોસર આપઘાત કર્યો છે. એકેડમીના વિદ્યાર્થી વચ્ચે શોકનો માહોલ છે.

આ રાજ્યની પ્રથમ એકેડમી હતી, જેનું લક્ષ્ય આઈએએસ અને આઈપીએસ બનવા ઈચ્છતા યુવાનો તૈયારીની ટ્રેનિંગ આપતી હતી. આ એકેડમી ખાસ કરીને પછાત સમુદાયના યુવાનો પર ખાસ ધ્યાન આપતી હતી, જેથી એ ભવિષ્યમાં સફળતા હાંસલ કરી શકે. શંકર દેવરાજનના પરિવારમાં પત્ની અને બે પુત્રી છે.

તમિલનાડુના કૃષ્ણગિરીમાં રહેતા શંકરનો પરિવાર ખેતીવાડી સાથે જોડાયેલો હતો, તેમના પિતા બચપનમાં અવસન પામ્યા હતાં. શંકર દેવરાજને એગ્રી કલ્ચરમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી.

ભારતમાં ડેટા સ્ટોર નહીં કરનાર કંપનીઓ પર આરબીઆઈ કડક કાર્યવાહી કરશે

મુંબઈ

ભારતમાં ડેટા સ્ટોર કરવાના નિર્દેશનું પાલન નહીં કરનારી એન્ટિટી સામે RBI દંડાત્મક પગલાં લે તેવી શક્યતા છે. સુત્રોના જણાવ્યા અનુસાર RBI ડેટા લોકલાઈઝેશન અંગેના નિયમ હળવા નહીં કરે. ઉપરાંત, અમુક કંપનીઓ RBIના નિર્દેશનું નિર્ધારિત સમયમાં પાલન નહીં કરે તો ગ્રાહકોના હિતને નુકસાન નહીં થાય.

સુત્રોના જણાવ્યાં અનુસાર, RBIના નિર્દેશ મુજબ તમામ પેમેન્ટ કંપનીઓએ ૧૫ ઓક્ટોબરે કોમ્પ્લાયન્સ રિપોર્ટ સુપરત કરવો પડશે. તેમના અહેવાલના આધારે કેવી કાર્યવાહી કરવી તેનો નિર્ણય RBI કરશે. જોકે, મુદત લંબાવાય તેવી શક્યતા નહીંવત્ છે. સર્વિસ પ્રોવાઈડરે નિયમોનું પાલન નહીં કર્યું હોય તો પણ ગ્રાહકોને અસર નહીં થાય અને કાર્ડ ટ્રાન્ઝેક્શન નહીં અટકે. વિઝા અને માસ્ટરકાર્ડ જેવા અમુક મોટા પેમેન્ટ નેટવર્ક્સે દેશમાં ડેટા સ્ટોર કરવાના નિયમોનું સંપૂર્ણ પાલન કર્યું નથી. અને હવે મુદત પૂરી થવા આડે માત્ર સપ્તાહનો સમય બાકી છે.

RBIના જણાવ્યા અનુસાર છેલ્લા વિકલ્પ તરીકે કંપનીઓ ભારતમાં ક્લાઉડ સર્વિસિસની સેવા લઈ તેમનો ડેટા સ્થાનિક સ્તરે હોસ્ટ કરી શકે. તેના માટે ટેક્નોલોજી ઉપલબ્ધ છે. કંપનીઓ માટે નિયમોનું પાલન કરવા ૬ મહિનાનો સમય પૂરતો હતો. મુદત લંબાય તેવી શક્યતા બહુ ઓછી છે. ડિજિટલ પેમેન્ટમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ભારતમાં જનરેટ થતો ડેટા સ્થાનિક સ્તરે જ સ્ટોર કરવાનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

ઉલ્લેખનીય છે કે, RBIના પગલાથી ડેટા સ્ટોર કરવા ઘણા એનાલિસ્ટ્સ અને ડેટા સ્પેશિયાલિસ્ટ્સની જરૂર ઊભી થશે, જે નવા રોજગારી સર્જનમાં મદદ કરશે.

અમેરિકામાં ભારતીય દૂતાવાસ હિન્દી અને સંસ્કૃતના વર્ગો શરુ કરશે

વૉશિંગ્ટન

અમેરિકામાં હિન્દી અને સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વૉશિંગ્ટનમાં ભારતીય દૂતાવાસએ જલદી જ બન્ને ભાષાઓ માટે મફત સામાહિક વર્ગો શરુ કરવાની જાહેરાત કરી છે. ભારતીય દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ વર્ગનો સમય એક કલાકનો રહેશે. અને દૂતાવાસમાં ભારતીય સંસ્કૃતિના શિક્ષક ડોક્ટર મેક્સ રાજ આ વર્ગો લેશે.હિન્દી અને સંસ્કૃત ભાષાના વર્ગો દૂતાવાસના સંકુલમાં ચલાવવામાં આવશે. વર્ગો શરુ કરવાની તારીખ જલદી જ જાહેર કરવામાં આવશે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, હિન્દીના વર્ગો દર મંગળવારે સાંજે ૬થી ૭ વાગ્યા સુધી રાખવામાં આવશે અને સંસ્કૃતના વર્ગો દર ગુરુવારે આ જ સમયે રાખવામાં આવશે.

ભારતીય દૂતાવાસે આ અંગેની અન્ય જાણકારી આપતાં ટ્વીટર પર માહિતીની એક કોપી પણ શેર કરી છે. જેમાં જણાવ્યા મુજબ હિન્દી અને સંસ્કૃત ભાષા શિખવા ઈચ્છુક લોકો અહીં ક્લાસ કરી શકે છે. જેના માટે ઈચ્છુક લોકોએ તેમનું નામ, પદ અને ક્લાસ લખીને ડોક્ટર મેક્સ રાજને ઈમેલ કરવાનો રહેશે.

મહત્વનું છે કે, અમેરિકામાં બોલવામાં આવતી ભારતીય ભાષાઓમાં હિન્દી સૌથી વધુ બોલાતી ભાષા છે. અહીં હિન્દી બોલનારા લોકોની સંખ્યા લગભગ ૬.૫ લાખ જેટલી છે.

બ્રહ્મોસ મિસાઈલ માહિતી લીકઃ ૧૦ અધિકારી રડાર પર

નાગપુર

બ્રહ્મોસ મિસાઈલની માહિતી પાકિસ્તાનને આપવા બદલ ધરપકડ કરાયેલા એન્જિનિયર નિશાંત અગ્રવાલે પૂછપરછમાં દાવો કર્યો હતો કે બ્રહ્મોસ સંદર્ભે જે માહિતી તેના પર્સનલ લેપટોપમાંથી મળી આવી હતી, એવી જ માહિતી બ્રહ્મોસ એરોસ્પેસના ૧૦ જેટલા વરિષ્ઠ અધિકારીઓના વ્યક્તિગત ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં પણ છે.

નિશાંતના લેપટોપમાં અતિસંવેદનશીલ માહિતી મળી આવી હતી. નિશાંતે એટીએસને પૂછપરછમાં જણાવ્યું હતું કે આ પ્રકારની માહિતી બ્રહ્મોસ એરોસ્પેસના અન્ય વરિષ્ઠ અધિકારીના વ્યક્તિગત ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં પણ ઉપલબ્ધ છે. આવા દસ અધિકારીના નામ પણ નિશાંતે એટીએસને જણાવ્યા હોવાનું એક અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું હતું.

આ દસ અધિકારી હવે રડાર પર હોવાનું કહેવાય છે. દરમિયાન નિશાંતના લેપટોપમાં આ માહિતી ક્યાંથી આવી તેનો ઉત્તર નિશાંત આપી શક્યો નથી. નિશાંત આ અગાઉ હૈદરાબાદમાં કાર્યરત હતો અને એ સમયે ત્યાં વરિષ્ઠ સિસ્ટમ એન્જિનિયર પણ ત્યાં હતો. ત્યાર બાદ સિસ્ટમ એન્જિનિયર કેનેડા ગયો હતો. નિશાંતે ચાર વર્ષ પૂર્વે સિસ્ટમ એન્જિનિયરની પરવાનગી વિના તેની સિસ્ટમમાંથી પણ કેટલીક માહિતી પોતાના પેનડ્રાઈવમાં લીધી હતી, એવું સામે આવ્યું હતું.

પેટ્રોલ-ડિઝલના ભાવમાં આગ : પેટ્રોલમાં ૧૮ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં શનિવારના રોજ આજે ફરી એકવખત વધારો થયો છે. દિલ્હી અને મુંબઈમાં પેટ્રોલના ભાવમાં ૧૮ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. ત્યારબાદ રાજધાનીમાં પેટ્રોલના ભાવ ૮૨.૬૬ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે. સાથો સાથ ડીઝલના ભાવમાં ૨૯ પૈસા પ્રતિ લીટરનો વધારો થયો છે. આથી દિલ્હીમાં ડીઝલના ભાવમાં ૭૫.૧૯ રૂપિયા પ્રતિ લીટર થયો છે. ઉલ્લેખનીય છે કે આઠ દિવસ અગાઉ જ પેટ્રોલ-ડીઝલના ભાવમાં રૂપિયા પનો ઘટાડો કરાયો હતો. પરંતુ તેની કોઈ અસર બજાર પર જાણે દેખાય રહી નથી. પ્રજા ભાવ ઘટાડા બાદ ભાવ વધારાથી નારાજ છે.આપને જણાવી દઈએ કે શુક્રવારના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો નોંધાયો હતો. શુક્રવારે પણ દિલ્હીમાં પેટ્રોલના ભાવમાં ૧૨ પૈસા પ્રતિ લીટર થયો હતો. જ્યારે ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨૮ પૈસા થયો હતો.

વડાપ્રધાન મોદી આગામી ૨૮ અને ૨૯ ઓક્ટોબરે જાપાન જશે

ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદી ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ૨૮ અને ૨૯ ઓક્ટોબરે જાપાનની મુલાકાતે જવાના છે. અહીં વડાપ્રધાન મોદી જાપાનના વડાપ્રધાન શિંજો આબે સાથે મુલાકાત કરશે અને બેઠક પણ કરશે. વડાપ્રધાન મોદી અને શિંજો આબેની બેઠકમાં બંને નેતાઓ ભારત અને જાપાનના દ્વિપક્ષીય અને પ્રાદેશિક મુદ્દાઓ સાથે પારસ્પરીક હિતના વૈશ્વિક મુદ્દાઓ સાથે જોડાયેલા વિષયોની પણ ચર્ચા કરશે. ૨૦૧૪ બાદ વડાપ્રધાન મોદી અને શિંજો આબે વચ્ચે બારમી વખત મુલાકાત થવાની છે અને બંને નેતાઓ પાંચમી વખત વાર્ષિક શિખર સંમેલનમાં એકબીજાની સમક્ષ રૂબરૂ થવાના છે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવા સિવાય હિંદ-પેસિફિક વિસ્તારની પ્રવર્તમાન સ્થિતિ મામલે પણ ચર્ચા કરવાના છે. મહત્વપૂર્ણ છે કે જાપાનના વડાપ્રધાન શિંજો આબે સપ્ટેમ્બરમાં ભારત આવ્યા હતા અને મોદી સાથે અમદાવાદમાં રોડશો કર્યો હતો. મોદી સાથે આબેએ અમદાવાદ-મુંબઈ વચ્ચે ચાલનારી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટનનો શિલાન્યાસ કર્યો હતો.

શ્રેષ્ઠ ભારત ભવનના વિવાદનો અંત : સરકાર સ્થાનિક રહીશો સામે ઝૂકી, આપ્યું પેકેજ પ્લોટ અને રોકડ રકમ

જમીન સો જમીનો મળતા ૫ પરિવારોનું સ્થળાંતર : જાતે ઘર તોડી હવે મળેલ પ્લોટ પર બનાવશે નવું ઘર

રાજપીપળા : છેલ્લા ચાર વર્ષથી ચાલતો ભારત ભવનનો વિવાદનો આખરે અંત આવ્યો છે. સરકાર આદિવાસી પરિવાર સામે ઝૂકી અને પ્લોટ ફાળવ્યો રોકડ રકમ પણ આપી એક પેકેજ આપતા આ પરિવારોએ જાતે પોતાના ઘરો ખસેડી લેવાની કવાયત હાથ ધરી જાતે સ્થળાંતર થઈ રહ્યા છે.

ભારત ભવન જ્યાં બને છે તેમાં વચ્ચે આવતા પાંચ આદિવાસી ભાઈઓના મકાન ને લઈને વિવાદો ચાલતા હતા અને પોલીસ પ્રોટેકશન સાથે વિરોધને છાસવારે શાંત કરવો પડતો હતો અને આદિવાસીઓ દ્વારા વિરોધ થતા કેટલીયવાર ડિટેન કરવાની પણ ફરજ પડી હતી ત્યારે હાલ ૩૧ ઓક્ટોબરે પી.એમ નરેન્દ્ર મોદી આવવાના હોય હાલ ખુબ ઝડપી ભારત ભવનની કામગીરી ચાલે છે ત્યારે વિવિદ ને ખાળવા સરકાર ઝૂકી અને તાત્કાલિક કોઠી ગામે આ પાંચ પરિવારોને જમીનના પ્લોટ આપ્યા અને રોકડ રકમ આપીને આ વિવાદને વહીવટી તંત્ર દ્વારા શાંત પાડવામાં આવ્યો ત્યારેઆ પરિવારોને પેકેજ મળી જતા તેઓમાં આનંદ જોવા મળ્યો છે.અને ખુશી ખુશી પોતાના ઘરની એક એક ઈંટ કાઢી એક નવા આશિયાના બનાવવા જઈ રહ્યા છે ત્યારે તેઓ દિવાળી પોતાના નવા ઘરમાં ઉજવશે એમ આ સાથે એક વિવાદનો કાયમી ઉકેલ આવી ગયો.

રાજપીપળાની એક સેવાકીય સંસ્થા દ્વારા ૯૦૦ થી વધુ એ એન સી મહિલાઓને તાલીમ અને કીટનું વિતરણ



રાજપીપળા : રાજપીપળા ના ટાઉન હોલ ખાતે શનિવારે યોજાયેલા એક કાર્યક્રમ માં ચંદ્રશોભા ચેરિટિબલ ટ્રસ્ટ ,રાજપીપળા દ્વારા નર્મદા જિલ્લા ની ૯૦૦ થી વધુ મહિલાઓ ને મધર કીટ ,બેબી કીટ,સહીત ની કીટો નું વિા મુ વિતરણ કરી તાલીમ પણ આપાં આવી હતી ચંદ્રશોભા ટ્રસ્ટ ના સંચાલક એવા ડૉ.દશનાબેન શમુખ પોતે એક ગાયનેક ડોક્ટર હોય વારંવાર નર્મદા જિલ્લા ની ગરીબ અને ગર્ભવતી મહિલાઓ માટે રી ચેકઅપ કેપ સહીત ના કાર્યકરો કરે છે ત્યો આ કાર્યક્રમ પણ એમને પી એમ મોદી જયારે ગુજરાત ના સી એમ હતા એ સમયે ચાલુ કરાયેલ એ એન ી મહિલાઓ માટેની યોજનાઓ ને આજે પણ નર્મદા ની આદિવાસી ગરીબ મહિલાઓ સુધી પોહ્ચાડવાનું બીડું ઉપાડ્યું છે આ કાર્યક્રમ માં નાંદોદ તાલુકાના રજુવાડીયા ના મેડિકલ ઓફિસર રવિ દેશમુખ ના આયોજન હેઠળ આરોગ્ય કેન્દ્ર ની દરેક મહિલાઓ તેમજ એ એન સી મહિલાઓ તથા મેડિકલ સ્ટાફ એ હાજર રહી તાલીમ અને વિતરણ કર્યું હતું.

ચંદ્રશોભા ટ્રસ્ટ ના પ્રમુખ ડૉ.દર્શનાબેન દેશમુખે આ પ્રસંગે આદિવાસી વિસ્તાર ની મહિલાઓ માં સુવાવડ અને કુપોષણ બાબતેની જાણકારી આપી હતી સાથે ડૉ.રવિ દેશમુખે પણ વિષય ને લાગતું પોતાનું મંતવ્ય આપ્યું જયારે વિકાસ સેવા કેન્દ્ર રાજપીપળા પ્રમુખ દક્ષાબેન પટેલે આ બાબતે પોતાના અનુભવ જણાવ્યા હતા આ પ્રસંગે રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર હેમેન્દ્ર શાહ પણ હાજર રહ્યા અને એમને સ્વછતા સહીત ની જરૂરી જાણકારી આપી હતી જયારે વિકાસ મહિલા ઔદ્યોગિક સહકારી મંડળી ના પ્રમુખ શબાનાબેન આરબ અને સેક્રેટરી શબેરાબેન શેખ હાજર રહી આ કાર્યક્રમ ને અનુરૂપ માહિતી આપી ત્યારે આ કાર્યક્રમ હાજર મહિલાઓ માટે ખુબ આશીર્વાદરૂપ સાબિત થયો હતો કાર્યક્રમના અંતે આવનાર મહાનુભાવો ની આભાર વિધિ બાદ ભોજન લઈ તમામ લાભાર્થી મહિલાઓ એ પણ તમામ સંસ્થાઓ નો આભાર વ્યક્ત કર્યો હતો.

હિ.પ્રદેશના પહાડી વિસ્તારોમાં શિયાળાની પ્રથમ બરફવર્ષા : નેશનલ હાઈવે બંધ કરાયો

શિમલા

હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં શિયાળાની પહેલી બરફવર્ષા થઈ છે. મનાલીના ગુલાબા, ચંબાના ચુરાહ, મંડીના શિકારી દેવી અને સિરમૌરના ચૂડધાર વિસ્તારમાં ઓક્ટોબર માસમાં હિમવર્ષાને કારણે બરફની ચાદર પથરાઈ હતી. રોહતાંગમાં બરફવર્ષાને કારણે એક ફૂટ બરફ પથરાયો હતો અને તેને કારણે નેશનલ હાઈવે પણ બંધ થયો છે. લાહૌલમાં બરફવર્ષાને કારણે કેટલાક કલાકો સુધી ભાજપના સાંસદ રામસ્વરૂપ શર્મા પણ ફસાયેલા રહ્યા હતા. ગુરુવારે હિમાચલ પ્રદેશના પાટનગર શિમલા સહીતના ઘણાં વિસ્તારોમાં હળવો વરસાદ અને ભારે પવન ફૂંકાયો હતો.

હિમાચલ પ્રદેશમાં પારો ગગડવાને કારણે રાજ્યમાં ઠંડકનું વાતાવરણ સર્જાયું હતું. ભૂસ્ખલનને કારણે હિમાચલ પ્રદેશમાં સેંકડો નાના સંપર્ક માર્ગો બંધ થઈ ગયા છે. વરસાદ અને કરા પડવાને કારણે નયનાદેવીમાં નવરાત્રિ નિમિત્તે માથું ટેકવવા પહોંચનારા શ્રદ્ધાળુઓના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળ્યો નથી. હવામાન વિભાગના શિમલા ખાતેના કેન્દ્ર તરફથી આગાહી કરવામાં આવી છે કે ૧૭ ઓક્ટોબર સુધીમાં રાજ્યનું વાતાવરણ સ્વચ્છ રહેવાની શક્યતા છે.

પર્યટન નગરી મનાલીના ગુલાબામાં ગુરુવારે સવારે શિયાળાની ઋતુની પહેલી બરફવર્ષા થઈ હતી. લાહૌલ ઘાટીના કેલાંગમાં પંદર સેન્ટિમીટર અને રોહતાંગ પાસમાં ૪૫ સેન્ટિમીટર બરફવર્ષા થઈ છે. તેના કારણે મનાલી-લેહ માર્ગનો વાહન-વ્યવહાર ઠપ્પ થયો છે. ગુરુવારે સવારે બરફવર્ષાને કારણે મનાલી તરફથી ગુલાબા અને લાહૌલ તરફથી આગમચેતીના પગલા હેઠળ વાહનોને રોકવામાં આવ્યા છે. રોહતાંગ પાસ સહીત મકરવે, શિકરવે, મનાલી પીક, લડાખી પીક, સેવન સિસ્ટર પીક, પતાલસૂ પીક, માંગણ કોટ, વ્યાસ કુંડ, દશૌહર લેક, ભૃગુ લેક, હમટા પાસ, ચંદ્રખણી પાસમાં તાજી હિમવર્ષા થઈ છે.



દિવાળીના તહેવારો દરમિયાન રોકડ રકમ, હિરા તથા જ્વેલરી જેવી કિંમતની ચીજવસ્તુઓની હેરફેર અંગે પૂર્વ સુરક્ષા દાખવવા સુરત ડાયમંડ એસોસિએશનના ઉપપ્રમુખ આયોજિત કરાયેલા સુરક્ષા સેમિનારમાં સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તહેવારોમાં રોકડ, હિરા, ઘરેણા સહિતના જોખમ અંગે સુરત પોલીસ દ્વારા સુરક્ષા માર્ગદર્શન

સુરત ડાયમંડ એસોસિએશનના ઉપક્રમે આયોજિત સેમિનારમાં સુરત પોલીસે માર્ગદર્શન આપ્યું

સુરત

વરાછા મીનીબજાર ખાતે સૌરાષ્ટ્ર પાટીદાર ભવનમાં હરિકૃષ્ણ હોલમાં સુરત ડાયમંડ એસો. અને સુરત શહેર પોલીસી વિભાગ દ્વારા સુરક્ષા જાગૃતિ સેમિનારનું આયોજન કવરામાં આવ્યું હતુ. જેમાં કારખાનેદારો, સેફવોલ્ટ એસો. સહિત ૪૦૦થી વધુ સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ બાબુભાઈ ગુજરાતીના જણાવ્યા અનુસાર આજે સવારે દસ વાગે મીનીબજાર સૌરાષ્ટ્ર પાટીદાર ભવન ખાતે સુરક્ષા જાગૃતિ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું મુખ્ય અતિથિ તરીકે સંયુકત પોલીસ કમિશનર હરેકૃષ્ણ પટેલ, આસિસ્ટન્ટ પોલીસ કમિશનર આર.એલ સોલંકી, વરાછા, કાપોદ્રા, સરથાણા, કતારગામ અને મહિધરપુરા પોલીસ ઈન્સ્પેક્ટરો, હાજર રહ્યા હતા. દિવાળીના તહેવારમાં રોકડ રકમ, સોના-ચાંદી- હિરાના દાગીના વગેરેનું જોખમ કેવી રીત સાચવવુ કેવી તકેદારી રાખવી ચોર-લૂંટારૂઓથી બચવા માટે શું કરવું અને શું ન કરવું તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઘટના ન બને તે માટે શું કરવું અને ઘટના બન્યા બાદ શું કરવું તે અંગેની સમજ આપવામાં આવી હતી. સુરક્ષા જાગૃતિ માર્ગદર્શન શિબિરમાં સેફ ડિપોઝીટ વોલ્ટ, બિલ્ડિંગ એસો. હિરા કારખાના માલિકો, ઇંગડીયા પેઢીના અગ્રણીઓ સહિત ૪૦૦થી વધુ લોકો હાજર રહ્યા હતા.

વીઆઈપી રોડ પર રાત્રે અકસ્માતમાં બાઈક સવાર પરપ્રાંતિ કામદારનું મોત

અજાણ્યા વાહને ઉડાવી દેતા મૂળ બિહારના વતની અમરજીતસિંઘનું મોત નીપજ્યું

સુરત

ગત રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે વીઆઈપી રોડ ભગવાન મહાવીર કોલેજથી સાંઈ રેસિડેન્સી તરફ જવાના રોડ પર બાઈક ચાલકને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલ અમરજીત સિંહનું મોત નીપજ્યું હતું.

નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાંડેસરા શિવમનગર ખાતે રહેતો અમરજીત રાજદેવસિંહ ઉ.વ. ૩૨ મૂળ બિહારના ગયા જિલ્લાનો વતની છે અને સુરતમાં છેલ્લા ૭-૮ વર્ષથી પાંડેસરાની મિલમાં નોકરી કરે છે. ગત રાત્રે અમરજીતસિંહ કોઈ કામ અર્થે વીઆઈપી રોડ તરફથયો હતો. રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે અમરજીત પોતાની બાઈક પર ભગવાન મહાવીર કોલેજથી સાંઈ રેસિડેન્સી તરફ પસાર થતો હતો. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલક દ્વારા અમરજીતને ટક્કર મારી નાસી ગયો હતો. વીઆઈપી રોડ પરથી પસાર થતા અન્ય રાહદારીઓ દ્વારા તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ગંભીર રીતે ઘવાયેલા અમરજીતસિંહને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ખટોદરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં મિશ્ર વાતાવરણ : રાત્રે ઠંડી અને આખો દિવસ આકરો તાપ

આજે સવારે સુરતનું તાપમન ૩૯ ડિગ્રી ઊંચુ નોંધાયું

સુરત

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી સતત આકરો તાપ પડી રહ્યો છે દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમી અને સવારના સમયે ઠંડુ વાતાવરણ સર્જાતા શહેરીજનોને બેવડા ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨.૩ મીલીબાર નોંધાયું છે.

શહેરમાં આજે સવારથી ગરમીનું પ્રમાણ યથાવત રહ્યું છે. બપોરના સમયે આકરો તાપમાન અનુભવાઈ રહ્યો છે. સવારના સમયે વાતાવરણમાં ભેજ વધતા ઠંડીનો અનુભવ થાય છે. આમ શહેરીજનોને સવારના સમયે શિયાળાની ઋતુનો અનેબ પોરના સમયે ઉનાળાની ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ગરમીનો પારો ઘટે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વયકત કરવામાં આવી છે. વાદળછાયુ વાતાવરણથી અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો બેચેની અનુભવી રહ્યાં છે.

પીઢ પત્રકાર સ્વ. ચંદ્રકાંત પુરોહિતની અંતિમ યાત્રામાં વિવિધ મહાનુભવો જોડાયા

અશ્વિનીકુમાર સ્મશાન ભૂમિમાં સ્વર્ગસ્થને અગ્નિદાહ અપાયો

સુરત

સુરતના પ્રતિષ્ઠિત અખબાર ગુજરાત મિત્ર સાથે આજીવન સંકળાયેલા તથા દક્ષિણ ગુજરાતના જગતના પીઢ પત્રકાર ચંદ્રકાંત પુરોહિત (ચં.પુ.)નું ૯૨ વર્ષની જૈફ વયે તેમના નિવાસ સ્થાને નિધન થયું હતું. સદ્ગત લાંબા સમયથી પાર્કિસનની બીમારીથી પીડાઈ રહ્યા હતા અને તેમને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ હતી. જેની સારવાર ચાલી રહી હતી એ દરમિયાન તેમણે અંબાજી મંદિર ખાતેના નિવાસ સ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. સદ્ગત વર્ષ ૧૯૪૮ થી તેઓ અખબારી આલમ સાથે સંકળાયેલા રહ્યા હતા. એ પહેલાં તેઓ મોહમ્મદ અલી ઝીણાના વતન નામના અખબારમાં નોકરી કરતા હતા. તેમની અંતિમ યાત્રામાં માજી મેયર કદીર પીરઝાદા, સાંસદ સી.આર. પાટીલ, સાંસદ દર્શના જરદોશ, શહેર ભાજપ પ્રમુખ નીતિન ભજીયાવાળા, રૂપીન પચ્ચીગર, યઝદી કરંજીયા, કુકુલ તારમાસ્ટર, સુનિલ મોદી સહિત વિવિધ મહાનુભાવો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગઈકાલે બપોરે તેમના દુઃખદ નિધન બાદ સાંજે તેમની અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. તેમની ઈચ્છા અનુસાર તેમના દેહને 'ગુજરાતમિત્ર' કચેરીએ લાવવામાં આવ્યો હતો. બાદમાં તેમના સુરતના અશ્વિનીકુમાર સ્મશાનભૂમિ ખાતે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

નાનપુરાના વેપારી પાસેથી ૧૩.૮૬ લાખના હીરા ખરીદી છેતરપિંડી

સુરત

કતારગામ પોલીસ મથકે રૂા.૧૩.૮૬ લાખની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ટીમલીયાવાડ મખ્ખન ભોગની સામે રહેતાં વેપારી સંક્ષપીત ઉર્ફે મિલનભાઈ સેવંતીભાઈ મહેતાએ આરોપી રાજુ પંજાબી સરગમ શોપિંગ સેન્ટર પાછળ, વિશાલ પંજાબી સૂર્યપ્રકાશ રેસીડેન્સી, સીટીલાઈટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂા.૧૩,૮૬,૩૭૪નો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. દરમિયાન સામી દિવાળીએ બજારમાંથી ઠગ વેપારીઓએ ઉઠમણું કરવાની શરૂઆત કરી દેતા ઠગાઈ અંગેના ગુનાઓમાં દિવસે દિવસે ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે અને બજારમાં અવિશ્વાસનું વાતાવરણ પેદા થતાં પ્રમાણિક વેપારીઓમાં ભય ફેલાયો છે.

કેરળ મુખ્યમંત્રી રાહત ફંડમાં કૃભકો દ્વારા ૪૪.૨૫ લાખનું દાન અપાયું

કૃભકોના કર્મચારીઓએ એક દિવસનું વેતન પુરગ્રસ્તોને આપ્યું

સુરત

ઓગષ્ટ ૨૦૧૮માં કેરળે સદીના સૌથી વધુ ભીષણ પૂરનો વિનાશ સહન કર્યો છે. આ પૂરથી રાજયના ૫૦ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા હતા અને ભારે વરસાદ અને પૂરના કારણે ૨૦૦ થી અધિક લોકોએ જાન ગુમાવ્યા હતા અને ઘરો, ખેતરો અને અન્ય સંપતિને ખૂબ જ નુકસાન થયું હતું. કેરળના પૂર પીડિતોને સહાયતા કરવાના હેતુથી ક્રિભકો પ્રબંધક વર્ગે પોતાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અપીલ કરી હતી કે તેઓ કેરળના મુખ્યમંત્રી રાહત કોષમાં એક-એક દિવસનું વેતન દાન આપે. આ રીતે કર્મચારીઓ દ્વારા રાહત કોષમાં રૂા.૪૪,૨૫,૭૪૮ની રકમ એકઠી કરવામાં આવી છે.

શ્રી એન. સાંબાશિવ રાવ પ્રબંધક નિદેશક ક્રિભકોએ આ રકમનો ચેક કેરળ સરકારના રેસિડેન્ટ કમિશનર, પુનીત કુમાર, આઈએએસને કેરળ ભવન નવી દિલ્હીમાં તા.૧૧-૧૦-૨૦૧૮ના રોજ ભેટ આપ્યો હતો. આ અવસરે એસ.એસ. યાદવ, કાર્યકારી નિર્દેશક અને એલ.પી. ગુડવીન, વરિષ્ઠ પ્રબંધક ક્રિભકો પણ ઉપસ્થિત હતા.

પીઠાવાલા કોલેજમાંથી વિદ્યાર્થીનો ફોન ચોરાયો

સુરત

સી.કે. પીઠાવાલા કોલેજમાં પરીક્ષા આપનાર વિદ્યાર્થીના મોબાઈલ ફોન સહિતના બેગની ચોરી થઈ.

ડુમસ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાંદેર તારવાડી, પ્રેરણાનગર સોસાયટીમાં રહેતો માધવીક કેતનભાઈ વૈદ્ય સી.કે. પીઠાવાલા કોલેજમાં પરીક્ષા આપવા ગયો હતો. ત્યારે પરીક્ષા ખંડની બહાર મોબાઈલ ફોન સાથેની બેગ મુકી હતી. જે કોઈ અજાણ્યો વ્યક્તિ ચોરી કરી ગયો હતો. બનાવ અંગે ડુમસ પોલીસે ફરિયાદ નોંધી હતી.

પત્નીએ યુવતીનું મોઢુ સાડીથી બાંધી દીધુ અને પતિએ ત્રણ વખત બળાત્કાર ગુજાર્યો

ગ્વાલીયરથી જરીકામ માટે સુરત લવાયેલી યુવતી પર લીંબાયતમાં પતિ-પત્નીનો અમાનવીય અત્યાચાર

સુરત

સુરતમાં જરીકામ માટે લવાયેલી યુવતી ઉપર એક જ રાત્રિમાં ત્રણ-ત્રણ વખત બળાત્કાર ગુજાર્યો હતો. આ બળાત્કારમાં આરોપીને મદદરૂપ થનાર તેની પત્ની પણ સામેલ હતી. બળાત્કારનો ભોગ બનેલી પીડિતાએ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવ મહિના પહેલાં ગ્વાલીયર થાના ગોળા બટાલિયન ગેના વતની રજીત શર્મન કુશવાહ, સીમાબેન રંજીત શર્મન ફરિયાદી પીડિતાને સુરતમાં જરીકામ માટે વતનથી લઈ આવ્યા હતા. જ્યાં લીંબાયતમાં થોડા સમય માટે જરીકામ કરાવ્યું ત્યારબાદ ખાતુ બંધ થઈ જતા લીંબાયત ભાડાના મકાનમાં આરોપીએ પીડિતાને સાથે રાખી હતી. એક દિવસ રાત્રિના સમયે આરોપી રંજીત શર્મન ભુવો આવ્યો હોવાનું નટાક કરતાં આરોપી સીમાબેને ફરિયાદીબેનને જગાડી હતી. ત્યારબાદ આરોપી રંજન શર્મને ફરિયાદીનો હાથ પકડી લઈ આરોપી સીમાએ ફરિયાદીનું મોઢું સાડીના ડૂચા વડે બંધ કરી આરોપી રજીત શર્મન ત્રણ વખત બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ આ વાત કોઈને કહેશે તો ફરિયાદીને તથા તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને ત્રણ મહિના સુધી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ પીડિતા વતન ચાલી ગઈ હતી. જ્યાં આરોપી રંજીત શર્મને આવી તારી સાથે લગ્ન કરીશ, તેમ જણાવી અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. જે દરમિયાન પીડિતા પ્રેગ્નેટ થઈ જતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે લીંબાયત પોલીસે પીડિતાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

દુર્ગાપૂજા બાદ માતાજીની પ્રતિમાઓનું પણ કૃત્રિમ તળાવમાં વિસર્જન કરાશે

દુર્ગાપૂજા-છઠપૂજા ઉત્સવ સમિતિની બેઠકમાં આવકારદાયક નિર્ણય

સુરત

દુર્ગાપૂજા અને છઠપૂજા ઉત્સવ સમિતિ સુરત દ્વારા મૂર્તિ વિસર્જન અને તાપી શુદ્ધિકરણને લઈ સુરત મહાનગરપાલિકા શાસક પક્ષ નેતા ગિરિજાશંકર મિશ્રાના નેતૃત્વમાં, દુર્ગાપૂજા અને છઠપૂજા ઉત્સવ સમિતિના સભ્યો, સંકડો દુર્ગાપૂજા મંડળના આયોજકો સાથે મળી સુરત મહાનગરપાલિકા, ઉધના ઝોનના ઝોનલ ચીફ અને એડીશનલ સીટી ઈજનેર ડી.એમ. જરીવાલા સાથે આજે મીટિંગ કરી હતી.

ઉત્તર ભારતમાંથી રોજગારી મેળવવા માટે લાખોની સંખ્યામાં લોકો સુરત શહેરમાં વસવાટ કરે છે. દુર્ગાપૂજા અને છઠપૂજા તેઓનો મુખ્ય ધાર્મિક તહેવાર છે. જેમાં લાખોની સંખ્યામાં લોકો ભાગ લેતા હોય છે. તાપી શુદ્ધિકરણ, સ્વચ્છતા અને સરકારના આદેશને ધ્યાને લઈ આ વખતે મૂર્તિ વિસર્જન તેઓ તાપી નદીમાં નહીં પરંતુ સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ કૃત્રિમ તળાવમાં કરવામાં આવશે. જે રીતે ગણેશ વિસર્જન દરમ્યાન તાપી શુદ્ધિકરણ અને સ્વચ્છતા માટે જે નિયમો બનાવ્યા છે તેને અનુલક્ષીને ચોકબજાર ડક્કા ઓવારા, ડુમસ તથા હજીરા ખાતે જ દુર્ગામાતા મૂર્તિવિસર્જન કરવા ગિરિજાશંકર મિશ્રાએ દુર્ગાપૂજા આયોજકોને તથા લોકોને અપીલ કરી છે તથા આ બેઠકમાં માજી કોર્પોરેટ શૈલેન્દ્ર ત્રિપાઠી બજરંગદળના પ્રમુખ દેવીપ્રસાદ દુબે, બિહાર વિકાસ મંડળના પ્રમુખ પ્રભુનાથ યાદવ, બિહાર વિકાસ પરિષદના સંયોજક સુનિલ મિશ્રા, ધર્મેશસિંગ, જયોતિ ગુપ્તા, શંકર દુબે, અરિમદનસિંગ, મનોજ યાદવ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ટેક્સટાઈલ માર્કેટના વેપારી રાકેશ અગ્રવાલનું રૂા. ૭૬ લાખમાં ઉઠમણું

વેપારીએ ઉઠમણું કરતા સંખ્યાબંધ વિવર્સો તથા વેપારીઓ સલવાયા

સુરત

કાપડ બજારમાં વધુ એક વેપારીનું લાખ્ખો રૂપિયામાં ઉઠમણું થયું હતું. વિવર્સો-વેપારીઓ પાસેથી રૂપિયા ૭૬.૯૦ લાખનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

પૂણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઘોડદોડ રોડ સીમા રો હાઉસમાં રહેતા વેપારી અશ્વિનભાઈ રસિકલાલ શાહે આરોપી રાકેશ ઓમ પ્રકાશ અગ્રવાલ (રહે. શુભમ્ હાઈટસ્ટ પૂણા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં ણાવ્યા મુજબ આરોપીએ કાપડ બજારમાં ફરિયાદી અશ્વિનભાઈ પાસેથી રૂા. ૧૪,૩૨,૯૬૧, વિજયભાઈ નાનાલાલ શાહ પાસેથી રૂા. ૧૨,૧૨,૪૯૮, અક્ષય અગ્રવાલ પાસેથી રૂા. ૯,૪૩,૩૯૩ મહેશભાઈ વિરાણી પાસેથી રૂા. ૪,૯૯,૬૮૭ સુરેન્દ્ર અગ્રવાલ પાસેથી રૂા. ૯,૭૮,૯૧૮ ભરતભાઈ જહાનવી ટેક્ષટાઈલ્સ પાસેથી રૂા. ૧૦,૭૪,૫૧૪ અને અમિતભાઈ પાસેથી રૂા. ૨૬,૨૨,૮૨૭ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી કુલ્લે રૂા. ૭૬,૯૦,૨૮૪ની ઠગાઈ કરી ઉઠમણું કર્યું હતું. બનાવ સંદર્ભે પૂણા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વધુ બે બેંક ખાતા ધારકો સાથે ઠગાઈ

સુરત

એસબીઆઈ અને આઈડીબીઆઈમાં બેંક એકાઉન્ટ ધારકના ખાતામાંથી રૂા.૨૮૦૦૦ ગાયબ થઈ ગયા.

એસબીઆઈ બેંકમાં એકાઉન્ટ ધરાવતા નરેશભાઈ ગોવિંદભાઈ સાનેરાના એકાઉન્ટમાંથી એટીએમ કાર્ડ દ્વારા અજાણ્યા વ્યક્તિએ રૂા.૧૮૦૦૦ ઉપાડી લીધા હતા. જ્યારે એમ્બ્રોઈડરી કારખાનેદાર કેતનકુમાર કાનજીભાઈ બહેસીયાના આઈડીબીઆઈ બેંકના ખાતામાંથી અજાણ્યા વ્યક્તિએ ચેકડા રૂપિયા ૧૦,૦૦૦ ઉપાડી લીધા હતા.

સરથાણા પોલીસે બંને એકાઉન્ટ ધારકની અલગ-અલગ ફરિયાદ નોંધી પોસઈ સી.કે. કાતરીયાએ તપાસ હાથ ધરી છે.